## ફોટો કેપ્શન

### વલસાડની શાળાના વિદ્યાર્થીઓ ધૂળેટીની ઉજવણી કરી



વલસાડ : હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે વલસાડ મગોદ ડુંગરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ એકબીજાને રંગ લગાવીને ધૂળેટીની ઉજવણી કરતા જોવા મળ્યા હતાં.

### વાપી રેલવે સ્ટેશને પોલીસનું પેટ્રોલિંગ



વાપી : પશ્ચિમ એશિયામાં સર્જાયેલી તંગ અને સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સંભવિત સુરક્ષા જોખમોને પગલે વાપી રેલવે સ્ટેશન પર આરપીએફ/વાપી અને જીઆરપી/વાપી દ્વારા સંયુક્ત સુરક્ષા સમીક્ષા અને પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. સંયુક્ત નિરીક્ષણ દરમિયાન સ્ટેશન પરિસર, પ્લેટફોર્મ, પ્રતીક્ષાલય તેમજ પ્રવેશ-નિકાસ દ્વારોની સઘન તપાસ કરવામાં આવી હતી. સંદિગ્ધ વ્યક્તિઓ અને બિનમાલિકી સામાન પર ખાસ નજર રાખવામાં આવી હતી. સીસીટીવી કેમેરા મારફતે સતત મોનિટરીંગ કરવા સ્ટાફને સૂચનાઓ આપવામાં આવી હતી. મુસાફરોને સતર્ક રહેવા અનુરોધ કરાયો તેમજ શંકાસ્પદ વ્યક્તિ કે વસ્તુ અંગે આરપીએફ હેલ્પલાઇન 139 અને જીઆરપી હેલ્પલાઇન 1512 પર તાત્કાલિક જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. તમામ સ્ટાફને હાઈઅલર્ટ જાળવી શંકાસ્પદ હલચલ અંગે તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને માહિતી આપવા નિર્દેશ અપાયા હતાં.

### હોળી પર્વએ ધરમપુર હાટ બજારમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો



ધરમપુર : ધરમપુરમાં હોળીના હાટબજારમાં હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. હોળી નિમિત્તે આદિવાસી સમાજના ભાઈ-બહેનોએ ઘરગથ્થુ ખરીદી કરતા જોવા મળ્યા હતાં. અનેકવિધ દુકાનો ઉપર ભારે ભીડ જોવા મળી હતી. આદિવાસી સમાજમાં મહત્વ ધરાવતા હોળી તહેવાર દરમિયાન બટાકા, ખજૂર અને હારડાનું વિશેષ વેચાણ થતું હોય છે, જેના કારણે આ વસ્તુઓની માંગમાં પણ વધારો જોવા મળ્યો હતો અને અનાજ દુકાનોમાં ખરીદી કરવા માટે ભારે ભીડ જામી હતી. સોમવારી હાટ બજારમાં ભવાનીના મુખોટા ધારણ કરી ફગવો ઉઘરાવતા નજરે પડ્યા હતાં.

### દહેરીની કંપનીના કેમ્પસમાં રાખેલા વેસ્ટજમાં આગ લાગી



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામના દહેરી રોડ પર આવેલી એક કંપનીના કેમ્પસમાં મૂકેલા વેસ્ટેજમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. ઉમરગામના દેહરી રોડ પર આવેલી કોપ ટેક નામક કંપનીના કેમ્પસમાં મૂકેલા કંપનીના વેસ્ટેજ કચરામાં કોઈક અગમ્ય કારણોસર આગ લાગી હતી. ઘટનાની જાણ જીઆઈડીસી નોટીફાઇડ અને ઉમરગામ નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ગણતરીના સમયમાં આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

### બીલીમોરા ડેપોમાં હેન્ડબ્રેક છૂટી જતાં બસ રિવર્સમાં પાર્કિંગ સાથે અથડાઈ



બીલીમોરા : બીલીમોરાથી નવસારી રૂટ પર જતી GSRTCની એક બસ બીલીમોરા એસ.ટી. ડેપો પર ઊભી હતી, ત્યારે તેની હેન્ડબ્રેક યોગ્ય રીતે ન લાગી હોવાથી બસ અચાનક રિવર્સમાં જઇ પાર્કિંગ એરિયામાં આવેલા પતરાના શેડ અને સુરક્ષા માટેના સ્ટીલના થાંભલા સાથે જોરદાર અથડાઈ હતી. આ અકસ્માતને કારણે પાર્કિંગમાં ઉભેલા કેટલાક વાહનોને નુકસાન પહોંચ્યું હતું અને શેડના પતરા પણ વાંકા વળી ગયા હતા. સદનસીબે જાનહાનિ ટળી હતી.

---

**કલેક્ટર કચેરી અને ધારાસભ્ય ઓફિસ સામે સપ્તાહથી પાણી લીકેજ, તંત્ર નિષ્ક્રિય**

# કાલિયાવાડીમાં વિકાસ નહીં, બેદરકારી

**4 કરોડનો** બ્રિજ ચમક્યો, પણ આઠ મહિનામાં જ રસ્તો ખાડામાં!

**ક્રેડિટ** લેવા ભીડ, જવાબદારી લેવા શૂન્ય, અકસ્માતની રાહ જોવાઈ રહી છે?




નવસારી : નવસારીમાં વિકાસના દાવાઓ વચ્ચે કાલિયાવાડી બ્રિજ પાસેની હકીકત હવે તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કરી રહી છે. માત્ર આઠ મહિના પહેલાં અંદાજે 4 કરોડના ખર્ચે બનાવાયેલા બ્રિજની બાજુમાં જ અંડરગ્રાઉન્ડ પાણીની લાઈન તૂટી જતા મુખ્ય માર્ગ ધસી ગયો છે અને ત્યાં મસમોટો જીવલેણ ખાડો પડી ગયો છે.

ચોંકાવનારી વાત એ છે કે આ જોખમી સ્થિતિ કોઈ અંતરિયાળ વિસ્તારમાં નહીં, પરંતુ કલેક્ટર કચેરીની સામે અને ધારાસભ્ય ઓફિસ નજીક જ સર્જાઈ છે. એટલે કે, સત્તાના નાક નીચે જ લોકો રોજિંદા જીવના જોખમે પસાર થઈ રહ્યા છે, છતાં તંત્ર હજુ સુધી મૌન છે. છેલ્લા એક સપ્તાહથી પાણીની પાઈપલાઈનમાંથી સતત લીકેજ થઈ રહ્યું છે. કિંમતી પાણી રસ્તા પર વહે છે, માર્ગ અંદરથી ખોખલો બની ગયો છે અને ટ્રાફિક વચ્ચે ખાડો દિવસેને દિવસે વધુ જોખમી બની રહ્યો છે.

#### વિકાસના બોર્ડ મજબૂત પણ વિકાસની વ્યવસ્થા અંદરથી ખોખલી

સ્થાનિકોમાં હવે ભારે અસંતોષ સાથે કટાક્ષ પણ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે કામ વખતે લોકાર્પણ અને ફોટાઓમાં સૌ આગળ હોય છે, પરંતુ ખામી સામે આવે ત્યારે જવાબદારી કોઈ સ્વીકારતું નથી. 7 જૂન 2025ના રોજ ધામધૂમથી થયેલા લોકાર્પણ બાદ માત્ર આટલા ટૂંકા સમયમાં આવી સ્થિતિ સર્જાતા કામની ગુણવત્તા, દેખરેખ અને જાળવણી અંગે પણ સવાલો ઊભા થયા છે. હાલ શહેરમાં એક જ તીખી ચર્ચા ચાલી રહી છે. કે તંત્ર ખાડો સમયસર ભરી દેશે કે પછી કોઈ મોટી દુર્ઘટના પછી જ કાર્યવાહી થશે? અને લોકોની સૌથી કડવી ટિપ્પણી સમગ્ર પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે. "વિકાસના બોર્ડ મજબૂત છે પણ વિકાસની વ્યવસ્થા અંદરથી ખોખલી છે."

---

## અમલસાડ એક સપ્તાહમાં એક જ સ્થળેથી બીજો દીપડો પાંજરે પુરાયો



ગણદેવી વન વિભાગે અમલસાડ આહીરવાસ મદા તળાવ નજીક એક સપ્તાહ અગાઉ દીપડો પાંજરે પૂર્યો હતો. જે બાદ ફરી દીપડા દેખાતા પાંજરું ગોઠવ્યું હતું. જેમાં સોમવાર વહેલી સવારે ફરી દીપડો પાંજરે પુરાયો હતો. ગણદેવી વન વિભાગના છાયાબેન પટેલ, ભાવિન પટેલની ટીમે આહીરવાસ મદા તળાવ ભીખુ આહીરની વાડીમાં મરઘાનું મારણ મુકી પાંજરું ગોઠવ્યું હતું. જેમાં સોમવાર મળસ્કે દીપડો પાંજરે પુરાયો હતો. જેને જોવા ગ્રામજનોનાં ટોળે ટોળા ઉમટી પડયા હતા. અમલસાડ માજી સરપંચ નિલેશ નાયકે જાણ કરતા વન વિભાગ દીપડાનો કબ્જો લઈ દીપડાનું મેડિકલ ચેક અપ કરાવી મોડી રાત્રે જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરાશે. ગણદેવાનાં હવાડીયા ફળીયા વલોટીનાં કઢાણીયા ફળીયા અને બીગરીનાં દઢોરા ફળીયામાં દીપડા પાંજરે પુરાયા હતા.

---

## આસુરી શક્તિ ઉપર દૈવી શક્તિના વિજયના પ્રતિકરૂપ હોળી પર્વની ઉજવણી



વલસાડ, સાપુતારા, બીલીમોરા : ગણદેવી તાલુકામાં સોમવાર સાંજે આસુરી શક્તિ ઉપર સદગુણોના વિજયના પ્રતિકરૂપ હોળી પર્વની ધાર્મિક ભાવના સાથે ઉજવણી કરવામાં આવી હતી. ફાગણ સુદ પૂનમના પવિત્ર દિવસે હોલિકા દહન કરવામાં આવ્યું હતુ, જેમાં શ્રદ્ધાળુઓએ હાજરી આપી હતી. હવે મંગળવારે ચંદ્રગ્રહણ હોવાથી બુધવારે ધુળેટી પર્વ ઉજવાશે. હિન્દૂ સંસ્કૃતિમાં હોળી પર્વનો વિશેષ ધાર્મિક મહિમા છે. ઉપરાંત વલસાડના તિથલ રોડ પર ભક્તિભાવપૂર્ણ માહોલમાં હોળીની પૂજા કરી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ વિધિવત પ્રદક્ષિણા કરી હતી. જ્યારે ડાંગ જિલ્લના 311 ગામોમાં પણ ઠેર ઠેર હોલિકા દહન કરવામાં આવ્યું હતુ, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

# મિથીલાનગરી લૂંટ કેસમાં પાંચ આરોપીને કોર્ટે નિર્દોષ ઠરાવ્યા

**ફરિયાદી** આરોપીઓને ઓળખી શક્યા નહીં, ઘટનાસ્થળે કોઈ સાક્ષી મળ્યો નહીં

**લૂંટાયેલો** મોબાઈલ ફરિયાદીનો હોવાનું પણ સાબિત ન થતાં શંકાનો લાભ મળ્યો

નવસારી : નવસારીના મીથીલાનગરી વિસ્તારમાં નોંધાયેલા મોબાઈલ લૂંટના કેસમાં કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપતાં પુરાવાના અભાવે પાંચેય આરોપીઓને નિર્દોષ ઠરાવી મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

આ બનાવ વર્ષ 2023 દરમિયાન મીથીલાનગરી ખાડીના પુલ પાસે બન્યો હતો. ફરિયાદી પિન્ટુભાઈ પરમાર રાત્રિના સમયે દવા લઈને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બાઈક પર આવેલા અજાણ્યા શખ્સોએ છરી બતાવી તેમની પાસેથી અંદાજે રૂપિયા 15 હજાર કિંમતનો મોબાઈલ ફોન લૂંટી લીધો હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાના આધારે પોલીસે પરવેઝ શેખ, રવી ગોરાવા, સોહીલ ઉર્ફે કાલુ, સલમાન ઉર્ફે સલ્લુ અને મુજાહીદ ખાન વિરુદ્ધ લૂંટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

કેસની સુનાવણી દરમિયાન બચાવ પક્ષના વકીલો એ.ટી. કાસદ, એચ.સી. કાલગુડે અને એસ.ડી. પટેલ દ્વારા દલીલો રજૂ કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન જાણવા મળ્યું હતું કે ફરિયાદી આરોપીઓને ઓળખી શક્યા નહોતાં. બનાવ સ્થળે અંધારું હોવાથી કોઈ આંખે જોનાર સાક્ષી પણ ઉપલબ્ધ નહોતો. વધુમાં, ફરિયાદ ઘટના બાદ અંદાજે 20 દિવસના વિલંબથી નોંધાઈ હતી અને કથિત રીતે લૂંટાયેલો મોબાઈલ ફરિયાદીનો જ હોવાનું પુરવાર કરવા માટે પણ પૂરતા પુરાવા રજૂ થઈ શક્યા નહોતા. કોર્ટએ નોંધ્યું હતું કે ફરિયાદી પક્ષ આરોપીઓ વિરુદ્ધ નિ:સંદેહ ગુનો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. આથી શંકાનો લાભ આપતાં પાંચેય આરોપીઓને નિર્દોષ જાહેર કરીને મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

---

### વલસાડના ઉંટડી ગામે બાવળના ઝાડ કાપવાના મુદ્દે બબાલ

વલસાડ : વલસાડના ઉંટડી ગામે જમીનમાં બાવડના ઝાડ કાપવાના મુદ્દે બે દેસાઇ બંધુઓ વચ્ચે લડાઈ થઇ હતી. ઉંટડી વતની અને હાલ સુરત રહેતા કમલ દેસાઈની જમીનમાં હિતેષ દેસાઈએ ઝાડ કાપવાની શરૂઆત કરી હતી. જેની જાણ થતાં તેમણે વિરોધ કર્યો તો હિતેશે જણાવ્યું કે, તેઓ પોતાની જગ્યા ખુલ્લી કરવા માટે આ ઝાડ કાપી રહ્યા છે. જો તેમને અટકાવશે તો પગ તોડી નાખશે એવું જણાવ્યું હતું. જેના પગલે કમલકુમાર દેસાઈએ હિતેષ દેસાઇ વિરૂદ્ધ પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

---

# UIAની ચૂંટણી પૂર્વ પ્રમુખ લડે તેવી ઉદ્યોગપતિઓની માંગણી

**નરેશ** બંથિયાએ જીઆઇડીસી એસ્ટેટના હિતમાં અને વિકાસમાં કામો કર્યા હોવાથી વિનંતી કરી



ઉમેશ સોલંકી

ઉમરગામ :આગામી 27 માર્ચ 2026 ના રોજ ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન UIA ની ચૂંટણી માટે મતદાન થવાનું છે. આ ચૂંટણીમાં પૂર્વ પ્રમુખ નરેશભાઈ બંથિયા ચૂંટણી લડે અને લીડ કરે તે માટે ઉદ્યોગપતિઓનુ એક પ્રતિનિધિ મંડળ મુશાભાઈ શેખ, છોટુભાઈ વર્મા, ગિરીશભાઈ, પ્રકાશભાઈ સહિત નાઓ મળવા પહોંચ્યા હતા અને પૂર્વ પ્રમુખ નરેશભાઈએ તેમના કાર્યકાળમા ઉમરગામ જીઆઈડીસી એસ્ટેટના હિતમાં વિકાસમાં અનેક કામો કર્યા હોય તેઓ આ ચૂંટણીમાં આગેવાની લઈ ચૂંટણી લડે તેવી વિનંતી કરી હતી. નરેશભાઈએ આમ તો હકારાત્મક જવાબ આપ્યો હોવાનુ જાણવા મળ્યું છે જેથી હવે ચૂંટણી લડશે કે કેમ તે અંગે ફોર્મ ભરવાની અંતિમ તારીખ 5 માર્ચે ખબર પડશે.

---

## સાપુતારા ઘાટમાં બે આઈસર ટેમ્પો વચ્ચે અકસ્માતમાં ચારને ઈજા



ગિરીશ ભોયે

સાપુતારા : મહારાષ્ટ્ર પાસિંગના બે માલવાહક આઈસર ટેમ્પો (નંબર MH-16 AE-5262 અને MH-04 LY-8030) વઘઈ-સાપુતારા માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. શિવારીમાળ ગામ પાસેના એક સાંકડા અને જોખમી વળાંક પર બંને ચાલકોએ વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે બંને આઈસર ટેમ્પો સામસામે ભયાનક રીતે ભટકાઈ પડ્યા હતા જેને પગલે બંને વાહનોના કેબિનના ભાગે ભારે નુકસાન થયું હતું. અથડામણ બાદ બંને આઈસરના ચાલક અને ક્લીનર કેબિનમાં ફસાયા હતા, જેમને બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને જંગી આર્થિક નુકસાન પહોંચ્યું છે. ડાંગના પહાડી રસ્તાઓ પર આવતા જોખમી વળાંકો પર વાહનચાલકોની સહેજ પણ બેદરકારી મોટા અકસ્માતને નોતરે છે.

---

**સુરતથી ધરમપુરના રાજચંદ્ર આશ્રમ જતી વખતે ખેરગામમાં અકસ્માત**

# ડ્રાઈવર મોબાઈલમાં વ્યસ્ત રહેતા લક્ઝરી ટ્રક સાથે અથડાઇ



**બસમાં** સવાર ડ્રાઇવર સહિત 11 ને નાની-મોટી ઈજાઓ થતાં રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા

#### મોબાઈલ ફોન બન્યો અકસ્માતનું કારણ

આ ઘટનાની સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, આ અકસ્માત લક્ઝરી બસના ચાલકની ગંભીર બેદરકારીના કારણે સર્જાયો હતો. બસમાં સવાર મુસાફર પાચાભાઈ સાવલિયાના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે બસનો ડ્રાઈવર ચાલુ બસે મોબાઈલ ફોન પર વાત કરી રહ્યો હતો. ફોન પર વાત કરવામાં મશગૂલ ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ હતી.

ખેરગામ : સુરતથી ધરમપુરમાં આવેલા રાજચંદ્ર આશ્રમમાં પ્રવાસીઓને લઈને જઈ રહેલી લક્ઝરી બસના ડ્રાઈવરનું મોબાઈલમાં ધ્યાન હોવાથી સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ખેરગામ શામળા ફળિયા, ધરમપુર રોડ ઉપર વળાંકમાં ધરમપુર તરફથી આવી રહેલી ટ્રક સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. બસમાં સવાર ડ્રાઇવર સહિત 11 ને નાની-મોટી ઈજાઓ થતાં તેમને નજીકમાં આવેલી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જોકે કોઈ જાનહાનિ નહીં થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતથી ધરમપુર રાજચંદ્ર આશ્રમમાં પ્રવાસીઓને લઈ જઈ રહેલી લક્ઝરી બસના ડ્રાઇવરે ચાલુ બસે મોબાઈલમાં ધ્યાન આપતા જે ગંભીર બેદરકારીના કારણે ખેરગામ શામળા ફળિયા ધરમપુર રોડ ઉપર વળાંકમાં ધરમપુર તરફથી આવી રહેલી ટ્રક સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતાંની સાથે જ બસમાં સવાર પ્રવાસીઓમાં ભારે ભાગદોડ મચી હતી. પ્રવાસીઓની ચીખ સાંભળીને આજુબાજુના સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવી પ્રવાસીઓને બસની બહાર કાઢ્યા હતાં. જોકે ડ્રાઇવરનો પગ સ્ટિયરીંગના ભાગે દબાઈ ગયો હતો. સ્થાનિક લોકોની ભારે જેહેમત બાદ ડ્રાઇવરને બહાર કાઢવામાં આવ્યો હતો. નાની-મોટી ઈજા પામેલા 11 જેટલા પ્રવાસીઓને 108 મારફતે નજીકમાં આવેલી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે તાત્કાલિક ધોરણે ખસેડવામાં આવ્યા હતાં. જેમાં 6 મહિલા, 2 પુરૂષ અને 3 બાળકોનો સમાવેશ થાય છે. જોકે, અકસ્માતમાં કોઈ જાનહાનિ નહીં થતાં અને માત્ર નાની-મોટી ઈજાઓ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આ અકસ્માત અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી ન હોવાનું જાણવા મળ્યું હતું.

---

# સીસીરોડનું કામ પૂર્ણ થયા બાદ માર્ગ ખુલ્લો મુકાતા ટ્રાફિકમાંથી છુટકારો

**ચીખલીમાં** છ કિલોમીટરની લંબાઈમાં બંને તરફ સીસીરોડની કામગીરી ગત વર્ષે શરૂ કરવામાં આવી હતી



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી વાંસદા માર્ગ ઉપર કોલેજ સર્કલથી માણેકપોર સુધીની લંબાઈમાં સીસીરોડનું કામ પૂર્ણ થતા માર્ગ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાતા લાંબા સમયથી ટ્રાફિક જામની સમસ્યાથી છુટકારો મળવા સાથે વાહન ચાલકોને મોટી રાહત થવા પામી છે.

ચીખલી કોલેજ સર્કલથી ખૂંધ સાતપીપળા, બામણવેલ પાટીયા, આલીપોર, માણેકપોર સુધીના ક્વોરી ઝોન વિસ્તારમાં ભારે વાહનોની મોટાપાયે અવરજવર વચ્ચે ઠેર ઠેર માર્ગની સપાટી બેસી જવા સાથે મસમોટા ખાડાઓ પડતા દર ચોમાસામાં વાહન ચાલકો સહિત આમ જનતા હેરાન પરેશાન થઈ રહી હતી.

ઉપરોક્ત સમસ્યાના નિરાકરણ માટે કેબિનેટ મંત્રી નરેશ પટેલના પ્રયાસથી સરકાર દ્વારા આ વિસ્તારમાં માર્ગની સપાટીને સિમેન્ટ કોંક્રીટવાળી કરવા માટે ૨૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવાઈ હતી. જેને માર્ગ મકાન દ્વારા કોલેજ સર્કલથી માણેકપુર સુધીની છ કિલોમીટરની લંબાઈમાં બંને તરફ સીસીરોડની કામગીરી ગત વર્ષે શરૂ કરવામાં આવી હતી.

સીસી રોડની કામગીરી દરમિયાન ઘણી જગ્યાએ ડાયવર્ઝન અપાતા મહિનાઓ સુધી ટ્રાફિક જામ થવા સાથે વાહનોની લાંબી કતાર લાગતી હતી. અકસ્માતોમાં પણ વધારો થયો હતો. છેલ્લે કોલેજ સર્કલની ફરતે સીસી રોડની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે કામગીરી પણ સંપૂર્ણપણે પૂર્ણ થતા માર્ગ વાહન વ્યવહાર માટે ખુલ્લો કરાતા આ માર્ગ પર ટ્રાફિક જામની સમસ્યાનો અંત આવ્યો છે. જેને લઈને વાહન ચાલકોને રાહત થવા પામી છે.

#### કોલેજ સર્કલનો વિકાસ કરી તેને સુશોભિત કરવાની માંગ

સીસી રોડની કામગીરી બાદ હવે ખંડેર થયેલા કોલેજ સર્કલનો વિકાસ કરી તેને સુશોભિત કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. કોલેજ સર્કલથી ચીખલી, વાંસદા અને વસુધારા ડેરી આલીપોર હાઇવે તરફ અવર જવરનો રસ્તો છે. કોલેજ સર્કલ પાસે જ ચીખલીની આર્ટ્સ એન્ડ કોમર્સ, બીસીએ, બીએસસી નર્સિંગ સહિતની કોલેજ હોય આ સર્કલ સતત ધમધમતું હોય છે ત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આ કોલેજ સર્કલને સુશોભિત કરી રોનક બદલાવવામાં આવે તો વિસ્તારને ચાર ચાંદ લાગી જાય તેમ છે.

---


**વાપી મહાનગરપાલિકા- વાપી**
૩૯૬૧૯૧, તા- વાપી, જી. વલસાડ
(વહીવટી શાખા)

વાપી મહાગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે,વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને વહીવટી શાખાનુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત ૨. ટેન્ડર ફી | ૩. ઇએમડી ૪. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડિઝાઇન કરી પ્રીન્ટ કરી પ્રિન્ટેડ સ્ટેશનરી માલસામાન સાથે પૂરી પાડવાનું કામ | 1. Rs 20,00,000/- 2. Rs.1500/- (18% GST)-270 Total- 1770/- | 3. Rs.60,000/- 4. 12 Months |
| ૨ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે બેનર, હોર્ડીંગ્સ, સ્ટિકર, તકતી વિગેરે માલસામાન, મજૂરી, લગાવવા સહિતનું કામ | 1. Rs.20,00,000/- 2. Rs.1500/- (18% GST)-270 Total- 1770/- | 3. Rs.60,000/- 4. 12 Months |
| 3 | સને ૨૦૨૫-૨૬ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડેકોરેટિવ મંડપ માલસામાન ભાડેથી કામગીરી કરવાનું કામ | 1. Rs.30,00,000/- 2. Rs.2500/- (18% GST)-450 Total-2950/- | 3. Rs.90,000/- 4. 12 Months |
| ૪ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે મહાનગરપાલિકા માટે સ્ટેશનરી માલસામાન પૂરી પાડવાનું કામ | 1. Rs.20,00,000/- 2. Rs.1500/- (18% GST)-270 Total-1770/- | 3. Rs.60,000/- 4. 12 Months |
| ૫ | Selection of Service Provider for Security Services by deploying required number of security personnel to Safeguard, monitor & maintain security at various locations of Vapi Municipal Corporation | 1. Rs. 150,00,000/- 2. Rs.15000/- (18% GST)-2700 Total-17700/- | 3. Rs.450,000/- 4. 12 Months |

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી |
| કોઈ વાંધા સૂચન હોય તો મોકલવાની તારીખ | તા.૧૩/૦૩/૨૦૨૬ સાંજે ૧૭.૦૦ કલાક સુધી vapimun@yahoo.com ઉપર મોકલવાના રહેશે. |
| પ્રિ બિડ મિટિંગ | તા.૧૭/૦૩/૨૦૨૬ સાંજે ૧૫.૦૦ કલાકે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) |

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી

ન. માહિતી/વલસાડ/૯૪૬/૨૦૨૬